# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબરઃ ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડઃ નએરત્ન (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીએમ-उषा PM-UShA

ફોનઃ ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલઃ exam_spu@spuvvn.edu; વેબસાઈટઃ www.spuvvn.edu


## અગત્યનો

## પરિપત્ર

**વિષય : યુનિવર્સિટીની તારીખ : ૩૧/૦૭/૨૦૨૬ની યોજાનાર તમામ પરીક્ષાઓ રદ કરવા બાબત.**

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગનાં વડાશ્રીઓ/કોલેજના આચાર્યશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનનાં નિયામકશ્રીઓને જણાવવાનું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ આણંદની કચેરી દ્વારા તારીખ : ૩૦/૦૭/૨૦૨૬ના રોજ નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર/૧૫૧/૨૬ થી આદેશ થયા મુજબ ભારે વરસાદની આગાહી હોય કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે **તારીખ : ૩૧/૦૭/૨૦૨૬ને શુક્રવારનાં રોજ યોજાનાર યુનિવર્સિટીની** On Demand/B.O.Th./BHMS **સહિતની તમામ પરીક્ષાઓ હાલ પુરતી મોકુફ કરવામાં આવેલ છે.**

સદર તારીખ : ૩૧/૦૭/૨૦૨૬ને શુક્રવારનાં રોજ યોજાનાર On Demand/B.O.Th./BHMS સહિતની તમામ પરીક્ષાઓની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. જેની સંબંધકર્તા દરેક વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

નંબરઃ ઈ-૩/1305
તારીખઃ ૩૦/૦૭/૨૦૨૬
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

**સરદાર પટેલ યુનિવર્સિટી**
**પોસ્ટ બોક્સ નં.૧૦**
**વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત)**

# પરિપત્ર

સંદર્ભ : જીલ્લા મેજીસ્ટ્રેટ આણંદના જાહેરનામા ક્રમાંક : પી.ઓ.એલ./૨/જાહેરનામું/એસ.આર./૧૫૧/૨૬
તા. ૩૦/૦૭/૨૦૨૬

આથી સબંધકર્તા સર્વેને ઉક્ત સંદર્ભ દર્શીત જાહેરનામાના અનુસંધાનમાં જણાવવાનું કે જીલ્લા મેજીસ્ટ્રેટ આણંદ દ્વારા આણંદ જીલ્લાના હદ વિસ્તારમાં તા. ૩૧/૦૭/૨૦૨૬ના શુક્રવારના રોજ આણંદ જીલ્લાના હદ વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવાના થયેલ હુકમના અનુસંધાનમાં સરદાર પટેલ યુનિવર્સિટીના તમામ વિભાગોનુ તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે.

(નોંધ : આવતી કાલે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે આયોજીત પીએચ.ડી. કાઉન્સેલીંગ તેમજ પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન મોકુફ રાખવામાં આવેલ છે. જેની તારીખ હવે પછી યુનિ. વેબસાઈટ પર મુકવામાં આવશે. જેની સબંધકર્તાઓએ ખાસ નોંધ લેવી.)

નંબરઃબી/૧૧/૩૦૩૮
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૩૦/૦૭/૨૦૨૬

કુલસચિવ

**નકલ સવિનય રવાના :- (૧) વડાશ્રી, અનુસ્નાતક વિભાગો તરફ.**

| | | |
|---|---|---|
| 1 Head, Bio-Sciences | 10 Head, M.S.W | 19 Head, Political Science |
| 2 Head, Chemistry | 11 Head, Business Studies | 20 Head, Psychology |
| 3 Director, Computer Sci. | 12 Director, M.B.A. | 21 Head, Sanskrit |
| 4 Head, Electronics | 13 Head, Gujarati | 22 Head, Sociology |
| 5 Head, Home Science | 14 Head, Economics | 23 Head, Library Science |
| 6 Head, Materials Sciences | 15 Head, Education | 24 I/C Head C.I.S.S.T. |
| 7 Head, Mathematics | 16 Head, English | 25 I/c Head Deptt. Law |
| 8 Head, Physics | 17 Head, Hindi | 26 Pri.M.B.Patel College of Edu. |
| 9 Head, Statistics | 18 Head, History | 27 Head, Pharmaceutical Science |

**(૨) યુનિવર્સિટી વહીવટી વિભાગના વડાશ્રીઓ તરફ.**

| | | |
|---|---|---|
| 1. Establishment Section | 12. Store Section | 23. Media Studies Centre |
| 2. Syndicate Section | 13. Accounts Section | 24. Community Science Centre |
| 3. General Section | 14. Estate Section | 25. Rector M.B.A. NRI Hostel |
| 4. Academic Section | 15. Bhaikaka Library | 26. Manager, University Press |
| 5. Examination Section | 16. USIC | 27. Rector, Nehru Hall |
| 6. P. A. to Vice Chancellor | 17. I/c Humanities Admn. Building | 28. Director Physical Edu. |
| 7. U.G.C. Section | 18. Curator, University Museum | 29. Tele. Exchange/ Inquiry |
| 8. N.S.S .Section | 19. Medical Officer,Uni.Health Centre | 30.IQAC Section |
| 9. Despatch Section | 20. Warden, University Ladies Hostel | |
| 10. SC/ST Cell | 21. Rector B.Sc. B.Ed. Hostel/CTE Hostel | |
| 11. Scholarship Section | 22. Director,G.H.Patel Computer Center | |

**E/Establishment Section/B11/B-57 Foreign Visit Teaching**

TG
ES+
B
30-7-4

## :: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો હુકમ::

નં.પીઓએલ/૨/જાહેરનામું/એસ.આર/૮૫૯/૨૬
જિલ્લા મેજિસ્ટ્રેટ આણંદની કચેરી,
આણંદ. તા. ૩૦/૦૭/૨૦૨૬

**જાહેરનામું:-**

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા.૩૧/૦૭/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ સુધી સમગ્ર ગુજરાતનાં વિભિન્ન જિલ્લાઓમાં તથા અત્રેના આણંદ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી (રેડ એલર્ટ) આપવામાં આવેલ છે. ભારે વરસાદના પગલે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં આવેલ આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ તથા કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનું જરૂરી જણાય છે.

આથી હું પ્રવીણ ચૌધરી, (IAS) જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર આણંદ જિલ્લાના હદવિસ્તારમાં તા.૩૧/૦૭/૨૦૨૬ ના શુક્રવારના રોજ આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં આવેલ આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આઈ.ટી.આઈ તથા કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા ફરમાવું છું.

| | |
|---|---|
| વિસ્તાર:- | સમગ્ર આણંદ જીલ્લા હદ વિસ્તાર (શહેરી વિસ્તાર સહિત) |
| સમયગાળો:- | તા.૩૧/૦૭/૨૦૨૬ ને શુક્રવારના રોજ. |
| શિક્ષા:- | આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. |

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની વ્યક્તિગત રીતે બજવણી શકય ન હોઈ એકતરફી હુકમ કરવામા આવે છે તથા આ જાહેરનામાની જાહેરાત વર્તમાનપત્રોમાં અખબારીયાદી રૂપે આપી તથા રેડીયો, ટેલિવિઝન,કેબલ, ટી.વી નેટવર્ક તથા જાહેર કચેરીઓમા નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમા પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ રોજ તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(પ્રવીણ ચૌધરી)
જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Scanned with OKEN Scanner